ગોધરાના જહુરપુરા શાકમાર્કેટમાં રસ્તા પરના દબાણો દૂર કરવા માગ

કાયમી હદ નિશાન નક્કી ન હોવાથી વિવાદનું એપી સેન્ટર



(પ્રતિનિધિ) ગોધરા તા.5

ગોધરા શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા જહુરપુરા શાકમાર્કેટમાં છેલ્લા એક માસથી વકરી રહેલી ગંદકી અને ટ્રાફિકની સમસ્યાથી ત્રસ્ત સ્થાનિકોએ રસ્તા પરના દબાણો તાત્કાલિક દૂર કરી કાયમી હદ નિશાન નક્કી કરવાની માંગ કરી છે. નાગરિકોની લાગણી છે કે જાહેર માર્ગ પર બેસતા શાકભાજીના પથારાવાળાઓને માર્કેટ સંકુલની અંદર ખસેડવામાં આવે અને અગાઉ પાલિકા દ્વારા નક્કી કરાયેલી હદ નિશાન (યલો અથવા વ્હાઇટ લાઈન)નું પુનઃ કડક અમલીકરણ કરી નિયમભંગ કરનારાઓ સામે દંડ તેમજ વાહન જપ્તી સહિતની કાર્યવાહી કરવામાં આવે. જહુરપુરા વિસ્તારમાં જાહેર માર્ગો પર જ પથારા અને લારીઓ ખડકાઈ જતાં ખરીદી માટે આવતા ગ્રાહકો અને સ્થાનિક રહીશોને રોજેરોજ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. માર્કેટ વિસ્તારમાં લારી-ગલ્લા ધારકો કચરાપેટી રાખવાને બદલે વેપાર દરમિયાન નીકળતો કચરો, પેકિંગના કાગળો, પ્લાસ્ટિક અને સડેલા શાકભાજી-ફળો સીધા રસ્તા પર જ ફેંકી દે છે. આ ગંદકીના ઢગલાઓ વચ્ચેથી પસાર થવું રાહદારીઓ અને વાહનચાલકો માટે દુષ્કર બન્યું છે, જેના કારણે નગરપાલિકાનું સ્વચ્છતા અભિયાન અહીં માત્ર કાગળ પર જ સીમિત રહી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. નગરપાલિકા દ્વારા આવા બેદરકાર તત્ત્વો સામે કોઈ કડક દંડાત્મક કાર્યવાહી ન થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ પાલિકાએ અડચણરૂપ આંશિક ઓટલાઓ દૂર કરવાની કાર્યવાહી કરી હતી, પરંતુ ત્યારબાદ કામગીરી અધૂરી છોડી દેવાતા સમસ્યા જૈસે થે રહી છે. ખાસ કરીને સાંજ અને રાત્રિના પીક અવર્સ દરમિયાન આડેધડ ઊભી રહેતી લારીઓને કારણે મુખ્ય માર્ગનો એક તરફનો હિસ્સો સંપૂર્ણપણે બંધ થઈ જાય છે. ટ્રાફિક જામની આ રોજિંદી સમસ્યાને પગલે વાહનચાલકો અને લારીવાળાઓ વચ્ચે ઘર્ષણના બનાવો પણ સામાન્ય બની ગયા છે. આ ત્રાસદાયક પરિસ્થિતિમાંથી કાયમી છુટકારો મેળવવા સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોએ તંત્ર સમક્ષ રસ્તા પરના તમામ દબાણો દૂર કરી માર્કેટને વ્યવસ્થિત કરવાની સ્પષ્ટ માંગ ઉઠાવી છે.

પંચમહાલ કલેક્ટર અજય દહીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન

ગોધરા ITI ખાતે રૂ. ૨.૫ કરોડના ખર્ચે નિર્મિત રાજ્યની પ્રથમ ઉત્પાદન પ્રયોગશાળાનું લોકાર્પણ

(પ્રતિનિધિ) ગોધરા તા.05

ગોધરા સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે મારુતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડના સામાજિક ઉત્તરદાયિત્વ પ્રકલ્પ અને સમજૂતી કરાર અંતર્ગત આશરે રૂ. ૨.૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલી અદ્યતન ઉત્પાદન પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રયોગશાળાનું લોકાર્પણ પંચમહાલના જિલ્લા કલેક્ટર અજય દહિયા, વડોદરા પ્રાદેશિક કચેરીના નાયબ નિયામક (તાલીમ) જે. બી. મિસ્ત્રી તેમજ મારુતિ સુઝુકીના વરિષ્ઠ ઉપપ્રમુખ સંજીવકુમાર સિન્હા અને અન્ય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. ગુજરાત રાજ્યની કોઈ પણ આઈ.ટી.આઈ. ખાતે શરૂ થયેલી આ પ્રકારની પ્રથમ અદ્યતન પ્રયોગશાળા છે. પંચમહાલ જિલ્લામાં વાહન ઉદ્યોગ ક્ષેત્રે ગોધરા આઈ.ટી.આઈ.ની શ્રેષ્ઠતા કેન્દ્ર તરીકે પસંદગી કરવામાં આવી છે. આ નવીન પ્રયોગશાળા સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત



અને કુશળ કારીગરો વચ્ચેની ઘટને પૂર્ણ કરવાનો છે. આ કેન્દ્ર કાર્યરત થવાથી પંચમહાલ જિલ્લાની તમામ આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓ, ઈજનેરી ડિગ્રી અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક ઉદ્યોગોમાં કાર્યરત કારીગરોને નવું કૌશલ્ય શીખવા, કૌશલ્યમાં સુધારો કરવા અને પોતાના જ્ઞાનને આધુનિક બનાવવા માટેના વિશેષ તાલીમી અભ્યાસક્રમોનો સીધો લાભ મળશે. આનાથી સ્થાનિક યુવાનોને રોજગારીની નવી અને શ્રેષ્ઠ તકો પ્રાપ્ત થશે.

કોર્ટે સજાના બદલે પ્રોબેશન પર મુક્ત કર્યા

૧૨ વર્ષ જૂના દૂધના વેપારી પરના હુમલા કેસમાં દંપતી દોષિત જાહેર

(પ્રતિનિધિ) કાલોલ તા.5

દૂધના ધંધાની હરીફાઈ અને જૂની અદાવતમાં ૧૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ વહેલી સવારે આશરે પઃ૧૫ વાગ્યે કાલોલ કોર્ટ સામે આવેલી દૂધની દુકાને ફરિયાદ પક્ષના શબ્બીરખાન પઠાણ તેમના ટેમ્પોમાંથી દૂધ ખાલી કરી રહ્યા હતા. તે સમયે દૂધના જ ધંધા સાથે સંકળાયેલા આરોપી મોહમ્મદ હનીફ ઉર્ફે નાનાભાઈ ઈસ્માઈલ રહેમજી અને તેમની પત્ની હીરાલબેન ઉર્ફે સ્વીટુ (રહે. હાલોલ) ત્યાં આવ્યા હતા. ધંધાકીય અદાવતને કારણે આરોપી મોહમ્મદ હનીફે શબ્બીરખાન સાથે બોલાચાલી કરી લોખંડના પાઇપ વડે તેમના કાન અને ખભાના ભાગે હુમલો કર્યો હતો, જ્યારે તેમની પત્ની હીરાલબેને શબ્બીરખાનને પકડી રાખ્યા હતા. ઈજાગ્રસ્ત શબ્બીરખાનને સારવાર અર્થે પહેલા કલોલ રેફરલ હોસ્પિટલ અને બાદમાં ગોધરા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. લગભગ ૧૨ વર્ષ ચાલેલા આ કેસ દરમિયાન સરકારી વકીલ આર. કે. રાઠોડ દ્વારા ૧૧ મૌખિક પુરાવા અને ૬ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા.અદાલતે નોંધ્યું કે ઈજાગ્રસ્ત પોતે ઘટનાના પ્રત્યક્ષદર્શી સાક્ષી છે અને તેમની જુબાની વિશ્વસનીય છે.ફરિયાદ પક્ષ દ્વારા હાડકાના ફ્રેક્ચરનો કોઈ એક્સ-રે કે તબીબી પુરાવો રજૂ ન કરાતા, કોર્ટે ગંભીર ઈજા (IPC 325) અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળના આરોપોમાંથી આરોપીઓને મુક્ત કર્યા હતા અને માત્ર કલમ ૩૨૩ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે બંને આરોપીઓને રૂ. ૧૦,૦૦૦ના પર્સનલ બોન્ડ પર ૧ વર્ષ માટે શાંતિ અને સદાચરણ જાળવવાની શરતે પ્રોબેશન ઓફિસર (ગોધરા) ની દેખરેખ હેઠળ મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, બંને આરોપીઓને સંયુક્ત રીતે રૂ. ૨૦,૦૦૦ (પ્રત્યેક રૂ. ૧૦,૦૦૦) નું વળતર ઈજાગ્રસ્ત શબ્બીરખાનને ચૂકવવાનો આદેશ પણ કર્યો છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજન

સંજેલી તાલુકાના ચમારીયા ખાતે રાત્રિ યોગ સંવાદ યોજાયો

(પ્રતિનિધિ) સુખસરતા.5

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ચમારીયા ગામ ખાતે રાત્રિ યોગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીના માર્ગદર્શન અને ઝોન કો-ઓર્ડીનેટર પિન્કીબેનની સલાહ મુજબ યોજાયેલા આ રાત્રી યોગ સંવાદનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા યોગને ઘર ઘર સુધી પહોંચાડવાનો હતો. આ રાત્રિ યોગ સંવાદ દરમ્યાન ચમારીયા ગામના માજી સરપંચનું ઝોન યોગ કો-ઓર્ડીનેટર પિન્કીબેન તેમજ જીલ્લા યોગ કો-ઓર્ડીનેટર ધુળાભાઈ પારગી દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની પ્રોટોકોલ બુક અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યુ હતું.

આ રાત્રી યોગ સંવાદમા ચમારીયા ગામનાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઝોન -3 ઝોન કો- ઓર્ડીનેટર પિન્કીબેન યોગના મહત્વ અને તેના નિયમિત અભ્યાસથી થતા શારીરિક અને માનસિક લાભો અંગે જાગૃતિ કેળવવાના હેતુથી યોજાયેલી આ રાત્રી યોગ સંવાદનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

પંચમહાલની ત્રણ પ્રાથમિક શાળાઓએ રાષ્ટ્રીય કક્ષાએ લહેરાવ્યો વિજયધ્વજ

શિક્ષણમંત્રી વાજા અને રિવાબા સાથે વિદ્યાર્થીઓની ગાંધીનગરમાં મુલાકાત

(પ્રતિનિધિ) શિવરાજપુર તા.05

હાલોલ ભારતીય સાયન્સ ટેકનો ફેસ્ટિવલ-2026માં દેશનાં 22 રાજ્યોના 280 જેટલા વિજ્ઞાન પ્રોજેક્ટ વચ્ચે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાની ત્રણ પ્રાથમિક શાળાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. નવાકુવા પ્રાથમિક શાળાનો રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમાંક નવાકુવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ધ્રુવી સુભાષભાઈ બારીઆ અને ભૂમિકા સુરેશભાઈ નાયકએ માર્ગદર્શક શિક્ષક શૈલેષકુમાર બાબુભાઈ વરિયાના માર્ગદર્શન હેઠળ 'ચાવી ભરો અને ચાર્જ કરો (WIND UP CHARGE UP)' પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આ પ્રોજેક્ટને સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ એનાયત થયો હતો. હાલોલ કુમારશાળાને બે બ્રોન્ઝ મેડલહાલોલ કુમારશાળાના વિદ્યાર્થીઓએ ઈનોવેટિવ સાયન્સ મોડલ અને સિમ્પલ લાઈન ફોલોઈંગ રોબોટ સ્પર્ધામાં તૃતીય ક્રમાંક મેળવી બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. વિદ્યાર્થીઓને શિક્ષક



પ્રવિણકુમાર એન. પરમારનું માર્ગદર્શન મળ્યું હતું. ઈટવાડી પ્રાથમિક શાળાની પણ બે કેટેગરીમાં સફળતા ઈટવાડી પ્રાથમિક શાળાએ પણ બંને સ્પર્ધામાં તૃતીય ક્રમાંક સાથે બે બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓને શિક્ષક ભરતકુમાર જયંતિલાલ પટેલ અને શિક્ષિકા દીપકાબેન એલ. રાવતનું માર્ગદર્શન મળ્યું હતું. હાલોલના ધારાસભ્ય શ્રી જયદ્રથસિંહજી પરમાર દ્વારા સન્માન ત્રણેય શાળાના વિજેતા વિદ્યાર્થીઓનું હાલોલના ધારાસભ્ય શ્રી જયદ્રથસિંહજી પરમાર દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.







































